## સ્વ૦ ગિજુભાઈનાં

# અક્ષરજ્ઞાન યોજનાનાં પુસ્તકો

કેમ શીખવવું (શીખવનાર માટેનું) [redacted]

(ભણનાર માટેની ચોપડીઓ)

ચાલો વાંચીએ........................ [redacted]

આગળ વાંચો પહેલી.................. [redacted]

આગળ વાંચો બીજી.................. [redacted]

આગળ વાંચો ત્રીજી.................. [redacted]

: મળવાનાં સ્થળો :

શ્રી. નરેન્દ્ર ગિજુભાઈ બધેકા,
શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર • તખ્તેશ્વર પ્લોટ,
ભાવનગર

આર. આર. શેઠની કંપની : : બુકસેલર્સ
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

સંસ્કાર સાહિત્ય મંદિર,
પો. બો. નં. ૩૪; ગાંધી માર્ગ; ભાવનગર

અક્ષરજ્ઞાન યોજના

# આગળ વાંચો

## બીજી ચોપડી

કિંમત [redacted]   લેખિકા : તારાબેન

અક્ષરજ્ઞાન યોજના

# આગળ વાંચો

બીજી ચોપડી

તારાબેન

卐

કોટ રૂપિયા

[redacted]

મે ૧૯૫૬

: પ્રકાશક :
નરેન્દ્ર જિજુભાઈ બધેકા : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર
ભાવનગર (સૌરાષ્ટ્ર)

પહેલી વાર : નવેમ્બર ૧૯૩૦
સાતમી વાર : મે ૧૯૫૬
કુલ નકલ ૨૦,૨૫૦

: મુદ્રક :
રેવાશંકર હરિશંકર જાની, શ્રી ગ્રામલક્ષ્મી પ્રિન્ટિંગ પ્રેસ
સોનગઢ (સૌરાષ્ટ્ર)

# આગળ વાંચો

## બીજી ચોપડી

આ પેલું અજવાળું!

આવ્યું, આવ્યું, આવ્યું! ઊઠો. મોતી અને માધા! અજવાળાને ઝીલો; જકલ અને જીવી! અજવાળામાં નાહો; પરભુ અને મેપા! અજવાળાને આંખે ભરો.

આવ્યું છે, આવ્યું છે, આવ્યું છે!

આંખનું અજવાળું આવ્યું છે; મનનું અજવાળું આવ્યું છે!

★

## ખોટા માનજો.

આટલા જણા ખોટા માનજો.
જરૂર જરૂર ખોટા માનજો.
જરૂર જરૂર ધુતારા માનજો.
એનાથી કોઈ ડરશો નહિ.
એક પૈસો ધરશો નહિ.

ક્યા ક્યા ખબર છે?

| | |
|---|---|
| ચૂંદડીવાળા | સીતારામિયા |
| ખાખીવાળા | છૂમંતરિયા |
| જોશીબાવા | કાગરાશિયા |
| જોગીજતિ | ભોગળભટિયા |
| ઓલિયાફોલિયા | ગોરખપંથી |
| ફકીરબકીર | અઘોરપંથી |

★

## રેલિયું નાનું ગામડું છે.

રેલિયું નાનું ગામડું છે.
રેલિયામાં કોળીઓ રહે.



રેલિયામાં ગરાશિયા રહે.
રેલિયામાં ઢેડ પણ રહે.

કોળી સારા ઝૂંપડામાં રહે.
ગરાશિયા મોટી ડેલીમાં રહે.
ઢેડ બિચારા જેમ તેમ રહે.

કોળીની પાસે વાડી છે.
કોળીનો મોટો કૂવો છે.
કૂવા પર કોળીનો કોસ ચાલે.
વાડી આખીને પાણી પહોંચે.

ઢોરઢાંખર પાણી પીએ.
કૂતરા કાગડા પાણીમાં નાય.

એ મોટો કૂવો.
એ મોટા બળદિયા.
એ મોટો હવેડો.
એ મોટો કોસ.
એ મીઠું પાણી.

પણ ઢેડ બિચારા તરસે મરે.
ઢેડને પાણી કોણ આપે?

આ તે કાંઈ ન્યાય કહેવાય?
આ તે કાંઈ માણસાઈ કહેવાય?
આ તે કાંઈ દયાધરમ કહેવાય?

ગાય બધે ઓખરી આવે
ને હવેડામાં પાણી પીએ;
કૂતરાં ગામનો ગંદવાડ ચૂંથે
ને કોસનું પાણી પીએ;
કાગડા મુલકની ગંદકી ચૂંથે
તે ય કૂવાના પાણીમાં નાય.

પણ ઢેડ બિચારા?

માણસ જેવા માણસ;
વણકરનો ધંધો કરે;
ગામ આખાને સાફ કરે;
ગામ આખાની ચાકરી કરે;
ગામ આખાને સુખી કરે;

ત્યારે ગામ એને પાણી યે ન આપે!
ગાઉ ગાઉ સુધી બધે ફરી વળે,
ખાડા ખાબોચિયાં જોઈ વળે,



ને હવેડામાંથી પાણી માગે.
છોકરાં એનાં પાણી માટે ફાંફાં મારે,
પાણી માટે તરફડે;
પણ રેલિયા ગામના ભલા માણસો
એની સામું યે ન જુએ!
આ તે શું કહેવાય?
આ તે કાંઈ માણસાઈ કહેવાય?

★

## મચ્છર કરડચે કાંઈ તાવ આવે?

સંતોકબેન: "અરે બેન! શું કહો છો? મચ્છર કરડચે કાંઈ તાવ આવે? એથી ચળ આવે, ઢીમણાં થાય એ સાચું; કાંઈ તાવ આવે?"

લક્ષ્મીબેન: "હા, બેન! તાવ આવે, તાવ. આ ટાઢિયો તાવ ચારેકાર ફેલાઈ ગયો છે તે મચ્છર કરડચે જ આવે છે. ને તાવ જ શું, પણ મચ્છર કરડચે તો કેટલા ય રોગ થાય."

સંતોકબેન: "અરે, હોય નહિ. આવું તે

કોઈ દી સાંભળ્યું'તું? તમે તો વળી રોજ રોજ નવી જ વાત કરો. કાલે કે'તાં'તાં કે....શું? પેલું ચાંચડ કરડ્યે પ્લેગ થાય. આજે વળી આ મચ્છરનું લાવ્યાં. આપણને નથી સાચું લાગતું."

લક્ષ્મીબેન : "પૂછો ને, તમારા ડાક્ટરવૈદ જે હોય એને? ચાંચડ અને મચ્છર તો માંદગી લાવે જ છે, પણ આ માખી! એ તો તોબા જ બોલાવે છે. ઝાડા કરાવે, મરડો કરાવે ને ગમે તે કરાવે. આ આટલીક માખીબાઈ! ને આપણે તો એવાં ભલાં કે એ બધાંને સંઘરીએ. માખીબાઈ, તો કે' ભલે રહ્યાં! ને મચ્છરભાઈ, તો એ પણ ભલે રહ્યા! ઉંદર પણ ભલે, ને ચાંચડ પણ ભલે!"

સંતોકબેન : "બેન! હવે તો હદ થઈ, હો. માખી યે રોગ લાવે? એ તો નસીબમાં ભોગ લખ્યા હોય એ ભોગવવા પડે. એમાં માખી યે શું લાવતી'તી, ને મચ્છરે શું લાવતા'તા?"

લક્ષ્મીબેન : "ઠીક, માખીમચ્છરનું તમે ન માનો તો ભલે; પણ એ તો માનશો કે નહિ, કે



આ ઘર પાસેની ગંદકીથી માંદગી આવે? આ ચોવીસે કલાક શેરીમાં છોકરાંઓ ઝાડે ગયેલાં; ગંદકી પડી જ હોય! એંઠવાડ ને કચરાનો તો ઢગલો! ને પાણી તો ઢોળાયા જ કરે!"

સંતોકબેન : "માંદગી તો કોણ જાણે; પણ ગંદકી સારી તો નહિ. પણ શું થાય? છોકરાં ક્યાં જાય? કચરો ક્યાં નાખવો? અને પાણી તો ઢોળવું જ જોઈએ ને? આપણે નાવુંધોવું તો જોઈએ કે નહિ?"

લક્ષ્મીબેન : "બેન! પણ આ પાણીથી હમેશ ભીનું રહે એમાં મચ્છરનાં ઈંડાં મોટાં થાય ને મચ્છર થાય. આ કચરોપૂંજો પડ્યો હોય ત્યાં જ માખીઓ ઈંડાં મૂકે. ને માખી તો ઘડીક શેરીમાં ગંદકી ઉપર ને ઘડીક ખાવાની ચીજ ઉપર. તમે ભલે ને દિશાએ જઈ આવીને નાહો, પણ એ તો એ ને એ જ પગ, ને એ ને એ જ પાંખ લઈને આવે; એનું કાંઈ?"

સંતોકબેન : "એ સાચું; આ માખીનું એવું છે ખરું. પણ એનો શો ઉપાય?"

લક્ષ્મીબેન : "મોટો ઉપાય તો એ જ કે કચરો ને ગંદકી પડયાં રહેવા ન દેવાં. ને બીજું, ખાવા ઉપર માખીને બેસવા ન દેવી; બધું ઝટ ઢાંકી દેવું, ને માખી બેઠેલી વસ્તુઓ અભડાયેલી ગણવી. આ બજારમાં શું છે? નીચે ગટર, ને ઉપર મીઠાઈની દુકાનો, ને બધી મીઠાઈ ઉઘાડી! કોઈ એ લે જ નહિ, એટલે મીઠાઈવાળા સાચવતાં શીખે. આ તમારો બચુ પાઈની રેવડી લઈ આવ્યો. તમે જોયું'તું ને, એ રેવડી ઉપર કેટલી માખીઓ બેઠી હતી એ?"

સંતોકબેન : "એ તો કજિયો કરે એટલે અપાવવું પડે. શું કરીએ?"

લક્ષ્મીબેન : "ઘેર બનાવવું. ગોળમમરાના લાડવા વાળી દો ને? ક્યાં વાર લાગે એમ છે?"

સંતોકબેન : "અરે, બેન! મરવાની યે ફુરસદ નથી તે ઘેર ક્યાં બનાવવા બેસીએ?"

લક્ષ્મીબેન! "થયું ત્યારે! પછી છોકરાંને ઝાડા થયા, ઉધરસ-સળેખમ થયાં, મુદતિયો તાવ આવ્યો કે કોગળિયું થયું, એવું બોલવું જ



નહિ. છોકરાં ભલે માંદાં પડે, ભલે નબળાં રહે, ભલે મરી યે જાય! કાંઈ બોલવું જ નહિ."

સંતોકબેન : "અરે, એમ તે હોય? છોકરાં માટે તો બધું છે. એને માટે થઈને તો આ બધું કરીએ છીએ!"

લક્ષ્મીબેન : "એમ હોય તો શેનાથી શું થાય, ટાઢિયો તાવ શેનાથી આવે, ઝાડા શેનાથી થાય, એ બધું જાણવું જોઈએ; ને ડાકટર સમજાવે તેમ સમજવું જોઈએ, ને ચીંધે તેમ રહેણીકરણી સુધારવી પણ જોઈએ."

સંતોકબેન : "હા, બેન! કરવું તો જોઈએ. તે દીની જેમ કાલે ય ડાકટરને તેડતાં આવજો. હું શેરીની બેનોને બોલાવી રાખીશ. તે દિવસ ક્ષયરોગનાં ચીતર સારાં બતાવ્યાં હતાં."

લક્ષ્મીબેન : "ઠીક; કાલે વાત ત્યારે."

★

# બીજલભાઈ શાક લેવા ગયા

બીજલભાઈ શાક લેવા ગયા.

એક રૂપિયો લઈ ગયા.

શાક લાવી એણે હિસાબ લખ્યો ને શેઠને આપ્યો.

શેઠ ખુશી થયા : "વાહ, બીજલ! વાહ. તું તો હોશિયાર થયો!"

બીજલનો હિસાબ

| જ | ઉ |
|---|---|
| ૧) શેઠ પાસેથી લીધો. | ૦)= બટેટાં શેર ૧ |
| | ૦)– રીંગણાં શેર ૧ |
| | ૦। દાડમ શેર ૫ |
| | ૦)– લીંબુ, મરચાં, આદું, કોથમીર |
| | ૦।। કુલ ખર્ચ |
| | ૦।। બાકી રહ્યા |
| | ૧) કુલ |

★



# ભારતમાતાની ગરબી

"અમારી શેરીમાં ગરબી છે."

"હા. તે એમાં શું? અમારી શેરીમાં પણ ગરબી છે."

"ના, પણ અમારી શેરીમાં નવી ગરબી છે. ભારતમાતાની ગરબી છે."

'હેં! અંબાજીની નહિ, બહુચરાજીની નહિ, ને ભારતમાતાની?"

"હા; ભારતમાતાની ગરબી. આપણી હિંદમાતાની."

"આ હિંદમાતા ક્યાંનાં છે વળી? ને એ ભારતમાતાનું થાનક ક્યાં આવ્યું?"

"અરે! આ હિંદમાતાને નથી જાણતાં? આ આપણી ભૂમિ, આપણો દેશ. એની જ કૂખે આપણે જન્મેલાં; એને જ ખોળે રમેલાં. એ જ આપણને ખવરાવે-પિવરાવે છે તો! આ એ જ આપણી ભારતમાતા."

"એમ? તે તમે સૌ એનાં ગીત ગાતાં હતાં?"

"હા જ તો! અરે, એવાં મીઠાં ગીતો!

અય માતૃભૂમિ તેરે
ચરણોંમેં શિર નમાઉં.

"એમ! ત્યારે તો એની સરસ બેઠક કરી હશે."

"અરે, બેઠકનું તો એમ ગાઈએ છીએ—

શા માટે મા તારી ધૂળમાં બેઠક?
શા માટે મા તારો મલિન વેશ?

"હું! એટલે શું? માને સારી સાડીચોળી નથી પહેરાવતા શું?"

"અરે બાઈ! તું જો ને, આપણા દેશની આજે કેવી હાલત થઈ છે? આપણી ઘણી બહેનો તો એવી છે કે લાજ ઢાંકવા પૂરતું યે લૂગડું એમની પાસે નથી!"

"હા, બેન! એ ખરું. પેલી વાઘરણ આવી'તી એ કહેતી'તી ખરી. બિચારી ટાઢે ધ્રૂજતી'તી. કડે,



કાંઈ પે'રવા યે નથી ને ઓઢવા યે નથી!"

"એવી કાંઈ એકબે છે? એવી તો હજારો અને લાખો બહેનો છે; એમને પહેરવા યે નથી ને ખાવા યે નથી!"

"આ નવી ગરબી બહુ સારી છે, હો! કાલે રાખી છે કે?"

"હા જ તો. નોરતાના નવે દિવસ ગરબી રહેવાની છે."

"ત્યારે હું યે આવીશ દર્શને."

"આવજો; ને પાડોશણોને લેતાં આવજો."

★

## લીમડા ઉછેરીએ છીએ

ઉનાળો ઊતરતાં અમે ઠરાવ કર્યો કે આપણા ગામ ફરતા લીમડા નાખવા.

વરસાદ આવ્યો તે પહેલાં અમે ખાડા ખોદી રાખ્યા. ખાડામાં ખેતરાઉ માટી પૂરી દીધી. થોડુંક ખાતર પણ નાખ્યું.

વરસાદ આવ્યો ને ઠેકઠેકાણે નાની નાની લીમડીઓ ઊગી નીકળી.

થોડા દિવસ થયા એટલે ઠીકઠીક મોટી થઈ.

અમે એને ખોદી લીધી ને ખાડામાં નાખી.

ખાડા ફરતી થોરની ને કાંટાના ગળિયાની વાડ કરી.

થોડું થોડું પાણી પાયું.

આખું ચોમાસું લીમડીઓએ પાણી પીધું ને વધી.

ગોઠણથી યે મોટી લીમડીઓ થઈ ગઈ.

શિયાળો આવ્યો ને પાણી પાવું આદર્યું.

ગામ ફરતા ત્રણ કૂવા છે. અમે ત્રીશ જુવાન ભાઈઓએ લીમડીઓ વહેંચી લીધી. દસ દસ લીમડીઓ એક એક ટોળીએ લીધી છે. રોજ પાણી પાઈએ છીએ ને ઉછેરીએ છીએ.

ઉનાળામાં પાણીની વધારે તાણ પડશે; જરા વધારે પાણી સારવું પડશે, જરા વધારે મહેનત કરવી પડશે.



પણ એક વાર ચોમાસાભેગા થઈ ગયા કે ફિકર નહિ. પછી તો લીમડીઓ ઊભું ચોમાસું પાણી પીશે ને એની મેળે વધશે.

બેત્રણ વરસો જશે ને ગામ ફરતી ત્રીશ લીમડીઓ સારી પેઠે દેખા દેશે.

ત્રીશે લીમડીઓને પછી કોર આવશે.

કોર આવશે, ને ગામ આખું એની મીઠી સુગંધથી ભરાઈ રહેશે.

લીમડાના કોરની વાસ બહુ સુંદર છે; બહુ નીરોગી છે.

ગામ આખાની હવા સારી થશે.

બધી લીમડીએ લીંબોળીઓ આવશે, ને કાગડા કાબર ને બીજાં કંઈક પંખીઓ આવશે ને લીંબોળીઓ ખાશે.

ગામ ફરતાં પંખીઓનો મેળો થશે. હાલતાં ચાલતાં નવાં પંખીઓ જોવાની મજા પડશે.

લીમડીઓ મટીને લીમડા થશે, ત્યારે ગામ

લીલુંલીલું છમ દેખાશે, ભર્યું ભર્યું દેખાશે.

દૂરથી યે ખબર પડશે કે પેલું લીમડીઓવાળું ગામડું. કોઈ એને 'લીમડિયું' એવું જ નામ આપશે.

★

## શવા પટેલ

અમારા ગામના પટેલનું નામ શવા પટેલ. શવા પટેલ પાંસઠ વર્ષના છે. શવા પટેલ બેઠી થડીના ને ભીને વાન છે. પાંસઠ વર્ષના છે પણ હજી જુવાન જેવા છે. શવા પટેલના બત્રીશે દાંત સાજા છે. શવા પટેલની આંખો આઘેથી ભાળે છે. શવા પટેલ હજી તો ધમધમ ચાલે છે. શવા પટેલ હજી હળ હાંકી શકે છે; હજી કોસ કાઢી શકે છે; ગાડું પણ હાંકી શકે છે. એક ટંકે બશેર દૂધ તો હિસાબમાં નથી.

શવા પટેલ પાંચમાં પુછાય છે.



ગામમાં કજિયો થાય તો શવા પટેલ સુકાવે.

ગામમાં જાન આવે તો સામૈયામાં શવા પટેલ મોઢા આગળ.

ભાઈ ભાઈઓની વહેંચણી કરવી છે, તો કે' બોલાવો શવા પટેલને.

કોર્ટનું લખાણુંબખાણું કરવું છે, તો કે' નાખો વચ્ચે શવા પટેલને.

ગરીબ અભ્યાગતનું ઉઘરાણું કરવું છે તો કે' જાઓ શવા પટેલ પાસે.

કોઈને પોલીસે કંઈ દંડ્યો છે તો કે' કહો જઈને શવા પટેલને.

કોઈને માથે દાબ આવ્યો તો કે શવા પટેલની સલાહ લ્યો.

શવા પટેલ ગામનું જૂનું નાણું છે, લાખ રૂપિયાનું માણસ છે.

★

# કહો જોઈએ ?

(૧)

એક ઘરમાં પાંચ માણસ છે. દરેક જણ સાંજ-સવાર બે રોટલા ખાય, તો ઘરની બાઈ રોજ કેટલા રોટલા ઘડે ?

(૨)

અમે દસ જણાં છીએ. બે મણ બાજરો દસ દિવસમાં ખાઈ જઈએ છીએ. અમારામાંથી પાંચ જણાં બહારગામ ગયાં. હવે અમે બે મણ બાજરો કેટલા દિવસમાં ખાશું ?

(૩)

ભમલી નિશાળે જાય છે. તે જમતી વખતે કહે : "મને સવા રોટલો આપો."

તેની બા કહે : "સવા એટલે કેટલો ?"

★



# આ છોકરો સંતોકનો છે.

આ છોકરો સંતોકનો છે.

સંતોક રાધાબેનને ત્યાં કામ કરે છે.

સંતોક રાધાબેન પાસેથી શીખી છે કે રોજ છોકરાને નવરાવવો.

સંતોક સવારે છોકરાનું મોઢું ધુએ, તેની આંખમાંથી ચીપડા કાઢે, નાક સાફ કરે, દાંત સાફ કરે ને પછી એને શિરાવવાનું આપે.

સંતોકનો છોકરો તંદુરસ્ત છે. તેની આંખ તેજવાળી છે. તે ખૂબ રમે છે ને ગેલ કરે છે.

★

# આ છોકરો કંકુનો છે.

આ છોકરો કંકુનો છે.

કંકુને ખબર જ નથી કે છોકરાને રોજ નવરાવાય.

કંકુને ખબર જ નથી કે છોકરાના ચીપડા કઢાય, ને નાકમોઢું ધોવાય. એ તો ઊઠતાંવેંત છોકરાને ખાવા રોટલો આપે.

કંકુનો છોકરો માંદો છે. એની આંખ હમેશ આવે છે. એના દાંત સડી ગયા છે. એ કાયમ બેસી જ રહે છે ને એના મોઢા ઉપર માખી બણબણે છે!

★

## ખાતર શા સારુ બગાડો છો?

"એ ભાઈ! ખાતર શા સારુ નાહકનું બગાડે છે?"

"કેમ, એમાં શું બગાડું છું?"

"જો ને, માથેથી તડકો પડે છે, ને તારા ખાતરના ઢગલા તો સુકાય છે. સુકાઈ સુકાઈને અંદરના રસકસ તો ઊડી જશે; પછી તો રાડાં ને લૂગડાંના ડૂચા રહેશે. એમાંથી ભોંને શું મળશે?"



"જો ને ગાંડી એવી વાતો કરે છે! જોતો નથી, આ બધાં ખેતરોમાં ખાતરના ઢગલા પડેલા છે? આ ઢગલા નકામા જતા હોય તો પછી ખાતર નાખત જ શું કામ?"

"આખી સીમમાં શું, આખા દેશમાં એમ થતું હોય તોપણ એ ખોટું છે. એમ કરવાથી ખાતરનો કસ જાય."

"હવે ગયાં એ તો! બાપદાદા વારીથી એમ જ ચાલતું આવ્યું છે, તે એમાં કાંઈક તો હશે ના? અમથું એમ ચાલતું હશે?"

"ગમે તે વારીથી ચાલ્યું આવતું હોય; પણ એમ કરવાથી ખાતરનો કસ જાય, જાય ને જાય; એમાં બીજું ન થાય!"

"મને ગળે ન ઊતરે. તો તો પછી ખાતર નાખીએ જ શું કામ?"

"તે એવું ખાતર ન જ નાખવું જોઈએ. એમાં મહેનત બમણી થાય ને ફાયદો ત્યારે અર્ધો થાય."

"પણ હવે ભાઈ ડોળાણ કરતો જા ને! સૌ કરે છે એમ અમે કરીએ છીએ. કોઈએ ક્યાંઈ બીજું કર્યાનું દેખ્યું? કોઈએ કરી બતાવ્યું?"

"ત્યારે એમ કહે ને, ભલા ભાઈ! ચાલ મારે ખેતર; હું તને બતાવીશ કે ખાતર ક્યાં રાખું છું ને કેમ નાખું છું."

દેવો પટેલ દામા પટેલને ખેતરે ગયો. દામા પટેલે ખાતરનો ખાડો બતાવ્યો. એમાં ખાતર સડતું હતું. દામા પટેલે કહ્યું: "જો હવે વરસાદ વેળા થશે ત્યારે એકદમ સામટા જણા થઈ ને ખાતરને ભોંમાં ભેળવી દેશું. ઉપર નહિ રહેવા દઈએ. બધું ફોળી દેશું. ખાતર ભોંમાં જશે ને ઉપર વરસાદ આવશે એટલે ભોંભેગું ગળી જશે."

દામા પટેલે આવા ખાતરથી કરેલી રીંગણીની વાડી બતાવી; ગાજરના ક્યારા બતાવ્યા; ગયે વરસે થયેલ જારનો લોથો બતાવ્યો. રીંગણાં અને ગાજર ભારે જબરાં થયાં હતાં; ને જારના દાણા તો મોતી જેવા પાક્યા હતા!



દેવા પટેલને ખાતરી થઈ કે માળું વાત તો સાચી! ખાતરને તડકે સુકાવા દઈએ ત્યારે તો પછી મહીં રહે શું? માલ માલ તો ઊડી જાય ને વાંસે કૂચા રહે.

દેવો પટેલ કહે: "માળું, દામા પટેલ! તમારું કહેવું છે તો સાચું. આવતે વરસે હું પણ એમ જ કરીશ."

★

## અથાણું કેમ બગડ્યું?

અજવાળી: "હેં કસુબેન! મારું અથાણું તો સાવ બગડી ગયું. બધે ફૂગી વળી ગઈ!"

કસુબેન: "એમ કેમ થયું? મેં તને શીખવ્યું હતું એમ જ તેં કર્યું હતું કે?"

અજવાળી: "હા, બેન! બરાબર એમ જ. તે દિવસ મેં અહીં જોયું હતું ને, એમ જ બરાબર કર્યું હતું. મને લાગે છે કે હું કરતી હતી ત્યારે પેલી વાઘરણ દાતણ દેવા

નીકળેલી. એ મારા બારણા આગળ ઊભી રહી. મને પૂછવા લાગી કે શું કરો છો, ને કેમ કરો છો? મને તે ઘડીએ જ થયેલું હો, કે અથાણામાં નજર પડશે! બરાબર એમ જ થયું."

કંકુબેન : "હા વળી. તે વાઘરણ નીકળી હોય તો અથાણું ઝડપ ઢાંકી ન દઈએ? એ જાત જ એવી. એને કાંઈ ખાવા મળે છે?"

કસુબેન : "અજવાળી! તું શું સાચે જ માને છે કે વાઘરણની નજર પડી માટે અથાણું બગડ્યું? એ તો વહેમ કહેવાય. લે હું પૂછું : તેં કેરી સાફ ધોઈ હતી?"

અજવાળી : "ના, બા! તે કેરી ધોવાની હતી? મને તો ખબર જ નહિ."

કસુબેન : "ને અથાણાની બરણી બરાબર ધોઈ હતી?"

અજવાળી : "હા; ધોઈને લીધી હતી."

કસુબેન : "પણ ધોયા પછી સૂકવી'તી?"

અજવાળી : "હા. આમ પાણી નિતારીને



પછી અથાણું ભર્યું હતું."

કસુબેન (ડોકું ધુણાવીને) : "ના, એમ ન ચાલે. બરાબર તડકે સૂકવીને પછી હિંગનો ધુમાડો ખવરાવવો જોઈએ, ને ઠંડી થયા પછી જ અથાણું ભરવું જોઈએ. ઠીક, તારી એકાદ અથાણાની ચીર ચાખવા માટે લાવ જોઈએ?"

અજવાળી : "પણ, બા! ફૂગી વળી ગઈ છે, ને ગંધાય છે."

કસુબેન : "ઉપરનું ફૂગીવાળું બધું કાઢી નાખ ને નીચેથી જરાક લાવજે. મારે ખાવું નથી; ચાખીને ખામી શોધી કાઢવી છે."

અજવાળી (ઘેરથી અથાણું લઈ આવી): "લ્યો, ચાખો; પણ ગંધાય છે. મોઢામાં નાખવાનું મને નહિ થાય!"

કસુબેન (ચાખીને): "ઓહો! આમાં તો મીઠું યે ઓછું છે. જો, જરાક તું ચાખ જોઈએ, મારા અથાણામાંથી ને આ તારામાંથી? તારું મીઠે મોળું છે કે નહિ? ત્યારે તો હવે બગડે

જ ને? પણ એક બીજું પૂછું. તેં બરણી ક્યાં રાખી હતી?"

અજવાળી: "આ....ને મજેથી એક કોર ખૂણામાં રાખી હતી."

કમુબેન: "એનું મોઢું બાંધ્યું'તું?"

અજવાળી: "ના, બા! એ તો ભૂલી ગઈ!"

કમુબેન: "ત્યારે લે, હવે સમજાયું. વાઘરણે બિચારીએ કાંઈ કર્યું નથી. તેં કેરી ધોઈ નહિ એટલે એના ઉપર કેટલી ય ધૂળ ને બજારનો કચરો રહ્યો હશે, તે બધો અંદર ગયો. આ કચરામાં ફળને સડવનારાં જીવડાં પણ હોય જ. બીજું તેં બરણી બરાબર સૂકવી નહિ. પાણી નિતાર્યું હોય તોપણ અંદર ભીનું રહે, ને પછી કેરી સડે. વળી મુખ્યમાં મુખ્ય તો મીઠું ઓછું. તેલ ને મીઠું ઓછું હોય તો અથાણું બગડે. આમાં તેલ તો ઠીક દેખાય છે, પણ મીઠે મોળું છે. એટલા જ માટે હું હમેશાં જોખીને જ લઉં છું. કેરી એમ ને એમ રાખીએ તો સડે જ ને? એ



તો મીઠાને લીધે જ સડતી નથી, ને સારી ને સ્વાદિષ્ટ બને છે. ને ચોથું, તેં બરણીનું મોઢું બાંધ્યું નહિ, ને એને નીચે એક ખૂણામાં મૂકી દીધી. ત્યાં ઢગલોએક ધૂળ એમાં ગઈ હશે. તે સાથે કેટલાં યે જંતુઓ એમાં જાય. અથાણું કોઈના ઓછાયાથી નથી બગડતું કે નજરથી યે નથી બગડતું. એને બે વાતો જોઈએ; એક ખૂબ સ્વચ્છતા અને બીજું પૂરતું મીઠું ને તેલ. હવે આવા વહેમો કાઢી નાખ. ફરીથી મારે ત્યાં આવીને કર; ને સાથે વાઘરણને ય લેતી આવજે! પછી જોજે જોઈએ?"

★

## ભગલા કોળીની પંડિતાઈ

એક હતો પંડિત; ખૂબ ખૂબ ભણેલો.

એક વાર એને એના ભણતરનું અભિમાન થયું. એ તો નીકળ્યો પંડિતોને હરાવવા.

દેશેદેશ ફરે, રાજેરાજમાં ફરે, ને પંડિતોને

હરાવે. દરબારમાં જાય ને કહે: "કાં તો પંડિતાઈ કરવા પંડિત લાવો, નહિ તો લખી આપો કે તારા જેવો પંડિત નથી."

કોઈ પંડિત વાદ કરે એને તુરત હરાવી દે.

એક વાર એ પંડિત એક નાના રાજાના દરબારમાં ગયો ને કહે: "લાવો પંડિત."

રાજા કહે: "આવતી કાલે આવજો. અમારા શાસ્ત્રી બહુ ભણેલા છે, તે વાદ કરશે."

પંડિતને રાજમાં ઉતારો આપ્યો.

આ બાજુ શાસ્ત્રીજી તો વિચારમાં પડ્યા: "હવે કરવું શું? કાલે દરબારમાં હવે જરૂર આપણી ફજેતી થવાની છે!"

શાસ્ત્રીજી લમણે હાથ દઈને બેઠા હતા ત્યાં ભગલો કોળી શાક લઈને આવ્યો.

ભગલો કહે: "શાસ્ત્રીજી! મારી વાડીમાં આણુ રીંગણાં બહુ થયાં છે. જુઓ, એક એક રીંગણું બશેર બશેરનું છે."

શાસ્ત્રીજી તો ચિંતામાં બેઠા હતા તે કાંઈ



બોલ્યા નહિ; રીંગણાંની સામું યે ન જોયું.

ભગલો: "કેમ શાસ્ત્રીજી! શી ચિંતામાં પડ્યા છો? શી વિપત પડી છે?"

શાસ્ત્રીજી કહે: "અરે ભાઈ! પેલો પંડિત આવ્યો છે તે કાલે મને હરાવી દેશે. પછી ક્યાંના શાસ્ત્રીજી ને ક્યાંનો તું! મને તો થાય છે કે આજ રાત્રે જ અહીંથી ભાગી જાઉં."

ભગલો: "પણ એમાં શું? ભાગો છો શું કામ? મને કહો તો હું હરાવી દઉં! હું કાંઈ એમ પાછો ફરું એવો નથી."

શાસ્ત્રીજી: "લે રાખ હવે, તું શું કરતો'તો! ત્યાં કાંઈ મૂળા ને મેથી વેચવાં છે?"

ભગલો: "જુઓ તો ખરા; કાલે સભામાં તમારે એટલું જ કહેવું કે પહેલાં આની સાથે વાદ કરો ને પછી મારી સાથે."

રાજદરબારમાં ઠઠ જામી છે. પંડિતજી તો માતેલા હાથીની જેમ ઝૂલતા ઝૂલતા આવે છે; શાસ્ત્રીજી તો ધ્રૂજે છે. રાજા ને દીવાન સૌ વિચાર

કરે છે : હવે શું થશે ? લોકો સૌ જોઈ રહ્યા છે. એક ભગલો નિરાંતે રોટલો ને દહીં ખાય છે.

વખત થયો. પહેલાં ભગલા સાથે વાદ કરવાનું ઠર્યું. ભગલો હાથ લૂછીને અંદર આવ્યો.

પંડિત કહે : " બોલીને કે ન બોલીને ! "

ભગલો કહે : " તમે તમારે ફાવે તેમ કરો ને ! હું ઊભો છું. "

પંડિત કહે : " ન બોલીને. "

ભગલો કહે : " ત્યારે ન બોલીને. "

સભા આખી જોઈ રહી. સૌ ખીલાની જેમ જાણે ખોડાઈ ગયા.

પંડિતે ભગલાને એક આંગળી બતાવી.

ભગલાએ મોં મલકાવી બે બતાવી.

પંડિતે પાંચ આંગળીવાળો હાથ બતાવ્યો.

ભગલાએ ઝટ કરતી ને મૂઠી વાળી પંડિત સામે ધરી.

પંડિતે જમીન ઉપર એકમાં એક એમ સાત કૂંડાળાં કર્યાં.



ભગલે ખડખડ હસી એની વચ્ચોવચ્ચ એક લીંટો દોર્યો.

પંડિતે ઇશારતથી શું છે એમ પૂછ્યું.

ભગલો દોડીને બહાર જઈ પોતાનો દહીં-રોટલો લઈ આવ્યો, ને તેમાંથી દહીંનો પડિયો એણે આગળ ધર્યો.

પંડિત કહે : " હું હાર્યો ! શાસ્ત્રીજીનો આ રોંચા જેવો શિષ્ય પણ આટલો વિદ્વાન છે, ત્યારે શાસ્ત્રીજી તો ઘણા જ વિદ્વાન હશે ! મારે હવે વાદ નથી કરવો. " અને એ બેસી ગયો.

ભગલો પણ રાજાને સલામ ભરી ઇનામ લઈ ચાલ્યો ગયો.

આ બે વચ્ચે શું થયું એની કોઈને ખબર પડી નહિ.

રાજાએ પૂછ્યું : " પંડિતજી ! તમે શી ચર્ચા કરી તે તો અમને સમજાવો ? "

પંડિતજી કહે : " જી હા. મેં પહેલાં એક આંગળી બતાવી કહ્યું કે બ્રહ્મ એક છે, તો

ભાઈએ બે બતાવી જવાબ આપ્યો કે સાથે માયા છે માટે બે. મેં પાંચ આંગળી બતાવી કહ્યું કે પંચ મહાભૂતો છે; એણે મૂઠી વાળી કહ્યું કે પાંચે મળીને એક જ છે. મેં સાત કૂંડાળાં કરી કહ્યું કે સાત સમુદ્ર છે, ત્યારે તેણે લીંટા દોરી કહ્યું કે વચ્ચોવચ્ચ આડો મોટો પર્વત છે. મેં એનું નામ પૂછ્યું તો દહીં બતાવી એણે કહ્યું કે દધિપર્વત. આટલું સાનમાં સમજે ને જવાબ આપે એવા વિદ્વાન જેને શિષ્યો છે, એની સાથે પછી વાદ શો કરવો? આખી પૃથ્વી ફર્યો પણ અહીં હાર્યો!”

એમ કહી પંડિતે વિદાય લીધી.

પંડિતને વળાવ્યા પછી રાજાએ કહ્યું: “અલ્યા ભગલાને બોલાવો જોઈએ? એ વળી આટલું બધું ક્યારે ભણ્યો?”

ભગલો આવ્યો.

રાજાએ પૂછ્યું: “ભગલા! તું ને પેલા પંડિત શી વાત કરતા હતા? કહે તો ખરો!”



ભગલો કહે: “એમાં વાત શી કરવી ’તી! એ તો મહા બદમાશ હતો. પણ હું કાંઈ ઓછો છું? બરાબર પરખાવ્યું એટલે જુઓ ને, પૂંછડી વાળીને ભાગી ગયો!”

રાજા: “પણ વાત તો કર?”

ભગલો: “પહેલાં મને કહે કે એક ટાપલી મારીશ, તો મેં કહ્યું કે હું બે નહિ મારું? એ કહે કે હું લપડાક દઈશ, તો મેં કહ્યું કે હું ઠોંસો મારીશ. એટલે ભાઈ બીના. પછી કહે કે સાત રોટલા ખાય છે? મેં કહ્યું કે હા, અરધા સવારે ને અરધા સાંજે. પછી કહે કે શેમાં ખાય છે? મેં કહ્યું કે દહીંમાં. સાત સાત રોટલા ને દહીં ઉડાવું છું તે બાળીને ભાગી જ ગયો, સાહેબ! એ તો માંડ એક ખાતો હોય તો. એ કાંઈ મારી આગળ ટકે? શાસ્ત્રીજી બીતા હતા પણ હું કેમ બીઉં?”

★

## નવી નિશાળ

"એલા મગના! ક્યાં ચાલ્યો?"

"એ તો નિશાળે જાઉં છું."

"નિશાળ વળી કઈ?"

"જો, પેલી નથી દેખાતી? પેલી ખેતર વચ્ચે રહી તે."

"તે એમાં શું ભણવાનું?"

"ભણવાનું તો કોણ જાણે. પણ ત્યાં તો બહુ મજાનું."

"તે કહે તો ખરો, કે શું મજાનું છે?"

"ત્યાં તો નાવાનું, લૂગડાં ધોવાનું, રમવાનું, વાતો સાંભળવાની, ગીતો ગાવાનાં અને મજા કરવાની."

"ત્યારે એલા હું આવું?"

"તે આવજે ને! પણ નિશાળ વાળવી જોશે. ફળિયું ય વાળવું પડશે."

"તે વાળશું. એ તો આવડે છે."



"પણ રોજ નાવું જોશે ને લૂગડાં ધોવાં પડશે."

"નાવું તો મને બહુ જ ગમે છે. ને લૂગડાં યે ધોઈશ."

"પણ ખડ કાઢતાં આવડશે?"

"લે! ખડ કાઢતાં નહિ આવડે? મારી વાડીમાં હું રોજ ખડ કાઢું છું."

"તો આવજે."

"પણ પાટી જોશે કે? ને પેન?"

"હા; પાટી ને પેન લેતો અવાજે. પણ ટોપી પહેરીને આવીશ નહિ."

"કેમ? ઉઘાડે માથે આવવા દેશે?"

"હા. ભાઈ કહે છે કે ઉઘાડે માથે જ આવવું. નાહકની ટોપી શી?"

"પણ માથે મોટાં ભીંસરાં હોય એનું?"

"એનું તો ભાઈ કહેતા હતા કે કાઢી નાખવાં."

"એ તો ઠીક. પણ એ ભાઈ કોણ છે?"

"એ છે. એનું નામ તો છે કંઈક બરાબર નથી આવડતું."

"એ મારે ખરા કે?"

"ના રે! ભાઈ મારે તો નહિ જ. એ તો ચાલતાં શીખવે, હાથ જુએ, આંખ જુએ, કાન જુએ, લૂગડાં જુએ."

"એવું વળી શું કામ?"

"શું કામ? એ તો આપણા હાથ ને નખ ને લૂગડાં કેવાં છે તે જોવા માટે."

"એમ? ત્યારે તો મારા યે હાથ અને આંખો જોશે?"

"તે જુએ જ ને! તારા ન જુએ એ કેમ ચાલે?"

"પણ એ કાંઈ વઢે નહિ ને?"

"ના, વઢે નહિ. પણ હાથ મેલા હોય તો ધોઈ નખાવે. નખ વધ્યા હોય તો કાપી નાખે. આંખ આવી હોય તો ટીપાં પાડે."

"પણ આંખમાં ટીપાં પાડે તો તો બળે!"



"પણ આંખ તો મટી જાય ન! અંજુના આંખ ત્રણ દિવસમાં મટી ગઈ!"

"ત્યારે તો મારી બેનને લેતો આવીશ. એની ય આંખો આવી છે."

"તે લાવજે ને? પણ રોટલો લેતો આવજે. ભૂખ લાગે ત્યારે ખાવા થાય."

"પણ નિશાળમાં ખવાય?"

"હા, હા. ભાઈ કહે છે કે ખવાય. ભાઈ તો અમને હારમાં બેસારે છે. ને પછી કાંઈક બોલે છે ને પછી કહે છે કે હવે ખાવ."

"ત્યારે તો હું રોટલો બાંધી લાવીશ."

"પણ જો, પેરણની ચાળમાં ન લાવતો. ભાઈ તો કહે છે કે રોટલો તો ધોયેલા લૂગડાના કટકામાં લાવવો."

"તે મારા બાપુને કહીશ કે મને એક લૂગડું આપે."

"લે હવે હું તો આ ચાલ્યો. જો થાળી વાગે છે; નથી સાંભળતો?"

['ગામડાંમાં ગયો હતો' નામના બાલસાહિત્ય ગુચ્છના પુસ્તકમાંથી]